**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૭/૮/૨૦૧૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૫/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૨૪૩ લીટર દેશી દારૂ, ૪૧ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૮ વ્યક્તિઓ ઝડપી રૂપિયા ૮૧,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૬/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૭/૧૫</u>**

**નરોડાઃ** રામલાલ વાગાજી પ્રજાપતિ (રહે.અભિમન્યુ સોસાયટી પાયલનગર નરોડા) એ તા.૧૬/૮/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૮/૧૫ બપોરના ૩/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર નજીકથી પોતાના પુત્ર સુરેશ (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર ડી રાણા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૮/૧૫</u>**

**રામોલઃ** તા.૧૫/૮/૧૫ બપોરના ૩/૪૦ વાગ્યાના સુમારે જોગેશ્વરી સોસાયટી સામે બીઆરટીએસ બસસ્ટેન્ડ પાસે ૭૦-૭૫ વર્ષના માજીને અજાણ્યા વાહન ચાલકે વાહન બેદરકારીથી ચલાવી ટક્કર મારતા માજીનુ મૃત્યુ નિપજ્યું હતુ. આ અંગે રામોલ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એફ એ પારઘી ચલાવે છે.

**<u>ગુમ થવા બાબતઃ</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૯/૧૫</u>**

**નારણપુરાઃ** શિતલબહેન હરજીભાઈ ઉમઠ (ઉ.વ.૧૭)(રહે. ભલુભાઈની ચાલી ગાંધીનગરનો ટેકરો જુના વાડજ) તા.૩/૮/૧૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. રામા રંગનો ડ્રેસ ચુડીદાર રાણી રંગનો લહેગો પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઈંચ છે.(નારણપુરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૪૪૯૪૯)





Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **મેઘાણીનગર :** કેસરબહેન દિનેશભાઈ વાઘેલા (ઉ.વ.૪૭)(રહે. એસ.વી કોલેજ ગ્રાઉન્ડ પાછળ જુની અંબીકાનગર મેઘાણીનગર) તા.૨૭/૭/૧૫ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. ગુલાબી રંગની સાડી પહેરી છે. જમણા ગાલ ઉપર તલ છે. ઉંચાઇ ૫ ફુટ ૨ ઈંચ છે. (મેઘાણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૬૮૧૫૫૫) |  |
| **સાબરમતીઃ** વિણાબહેન જીવણભાઈ પરમાર (ઉ.વ.૨૨) (રહે.હરિકૃષ્ણનગર બળદેવનગરની પાછળ મોટેરા રોડ સાબરમતી) તા.૧૦/૮/૧૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી રામનગર એસબીઆઈ બેન્કમાં પાસબુકમાં એન્ટ્રી પડાવવા જવાનુ કહી નિકળ્યાબાદ પરત ફર્યા નથી. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનો ડ્રેસ અને ગુલાબી રંગની લેગીઝ પહેરી છે. ગળામાં ડાબી બાજુ તલ છે. ઉંચાઇ ૪ ફુટ ૯ ઇંચ છે. (સાબરમતી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |
| **ચાંદખેડાઃ** અંકિતાબહેન નલીનભાઈ વાઘેલા (ઉ.વ.૧૫)(રહે.માન સરોવર આઈઓસી રોડ ચાંદખેડા) તા.૬/૮/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ઉંચાઈ ૫ ફુટ છે. (ચાંદખેડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૩૨૯૧૨૮૦) |  |
| **ગોમતીપુરઃ** અફજલહુસેન મોહમદઈસરાઈલ અંસારી (ઉ.વ.૨૭)(રહે.બારાસાચાની ચાલી ગોમતીપુર) તા.૧૮/૬/૧૫ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી બજારમાં જવાનુ કહી નિકળ્યાબાદ પત્તો નથી. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઇ ૫ ફુટ ૬ ઇંચ છે. (ગોમતીપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૪૧૯૨૧) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)